દાખલ તારીખ :– ૨૭/૦૨/૨૦૧૨
ફેંસલ તારીખ :– ૧૫/૦૪/૨૦૨૫
સમયગાળો :– <u>વર્ષ</u> <u>મહિના</u> <u>દિવસ</u>

**અમદાવાદ શહેરના મે. ૯ માં એડી. ચીફ જ્યુડીશ્નલ મેજીસ્ટ્રેટ શ્રી ડી.વી.પટેલ સાહેબ સમક્ષ, (કોર્ટ નં.૨૦), અમદાવાદ**

---

**ક્રિમીનલ કેસ નંબર:–૧૪૪/૨૦૧૨**

**આંક–૧૦**

**ફરિયાદી:** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી:** ભવરસીંગ સ/ઓ નારસીંગ પ્રેમસીંગ રાજપુત, ઉ.વ.૧૯
રહે:–અમરનગર ચાર રસ્તા,શ્રીનાથ ડેરીમાં,રાજેન્દ્ર પાર્ક રોડ,
ઓઢવ,અમદાવાદ

**ગુનો: ઈ.પી.કો.કલમ–૩૭૯ મુજબ**

---

**ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી ડી.સી.ગોસ્વામી**
**આરોપીઓ તરફે વિ.વ.શ્રી – નથી**

---

**<u>ચુકાદો</u>**

૧. ફરિયાદ પક્ષનાં કેસની ટુકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧/૮/૧૧ ના કલાક ૧૬:૦૦ થી ૧૭:૦૦ વાગ્યા દરમ્યાન ઓઢવ જી.આઈ.ડી.સી. પ્લોટ નં. ૫૩/૫ના ગેટ સામે પાર્ક કરેલ ફરિયાદીના હીરો હોન્ડા મોટરસાયકલ નં. જીજે.૧.ડી.કયુ.૧૮૩૭ ની કિં. રૂા. ૧૫,૦૦૦/– ની મતાની ચોરી કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ ફરિયાદીએ ઓઢવ સ્ટેશનમાં નોંધાવતા તેના આધારે ત.ક. અમલદારે ફ.ગુ.ર.નં.૭૨૯/૨૦૧૧ થી ફરિયાદ નોંધી તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા ઈ.પી.કો.કલમ–૩૭૯ મુજબના શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં કરેલ છે.

૨. સદર કામે આરોપી તરફે આંક-૦૩ થી તહોમતનામું ફરમાવી, આંક-૦૪ થી પ્લી નોંધવામાં આવેલ છે. આરોપીને કોર્ટથી સમન્સ ઈસ્યુ કરવામાં આવતાં જેની કાયદેસરની બજવણી આરોપીને નહી થતાં આરોપી વિરૂધ્ધ નામદાર ગુજરાત રાજયની વડી અદાલતના પરિપત્ર ક્રમાંક-૨૬૬૮/૨૦૧૬ તા.૦૫/૦૭/ ૨૦૧૬ માં આપવામાં આવેલ માર્ગદર્શક સૂચનાઓ લક્ષમાં લઈ, ક્રિ.પ્રો. કોડની કલમ-૨૯૯ હેઠળ તેઓની ગેરહાજરીમાં કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

૩. ફરિયાદ પક્ષે તેમનો કેસ સાબિત કરવા માટે નીચે જણાવેલ મૌખિક તથા લેખિત પુરાવો રજુ કરેલ છે.

| | | |
|---|---|---|
| ૧ | ફરિયાદી હસમુખભાઈ જશમતભાઈ વેકરીચાત્રાની જુબાની | આંક-૦૬ |
| ૨ | ફરિયાદ | આંક-૦૭ |
| ૩ | મુદ્દામાલ કબ્જે કર્યા અંગેનું પંચનામું | આંક-૦૮ |
| ૪ | કલોઝીંગ પુરસીસ | આંક-૦૯ |

૪. આ સિવાય વધુ કોઈ પુરાવો રજુ થયેલ નથી. ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ પુરાવો ધ્યાને લેતા આરોપીનું વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરતો પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

૫. ફરિયાદ પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી ડી.સી.ગોસ્વામીને સાંભળવામાં આવ્યા છે.

૬. સદરહું કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુદ્દાઓ**

૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીએ તા. ૧/૮/૧૧ ના કલાક ૧૬:૦૦ થી ૧૭:૦૦ વાગ્યા દરમ્યાન ઓઢવ જી.આઈ.ડી.સી. પ્લોટ નં. ૫૩/૫ના ગેટ સામે પાર્ક કરેલ ફરિયાદીના હીરો હોન્ડા મોટરસાયકલ નં. જીજે.૧.ડી.કયુ.૧૮૩૭ ની કિં. રૂા.૧૫,૦૦૦/- ની મતાની ચોરી કરી ઈ.પી.કો.કલમ-૩૭૯ મુજબનો સજાને પાત્ર ગુનો

કરેલ છે?

૨. શું હુકમ ?

૭. ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**કારણો**

**મુદ્દાનં. ૧:-**

**(૮.૧)**આ કામે આરોપી સામેનો આક્ષેપિત ગુનો પુરવાર કરવા સારૂ ફરિયાદપક્ષે આંક-૦૩ થી ફરિયાદી હસમુખભાઈ જશમતભાઈ વેકરીયાને તપાસેલ છે, તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે, બનાવ ૨૦૧૧ના વર્ષમાં બનેલો. તે વખતે તેમની મોટર સાયકલની ચોરી થયેલી. જે મારી મ)લિકીની હતી. આ બાઈકની ચોરી કોણે અને કેવી રીતે કરેલી તથા બનાવ કેવી રીતે બનેલો તે કહી શકે નહી. બનાવ અંગેની ફરિયાદ તેઓએ આપેલી. જે ફરિયાદ તેઓને બતાવતાં તેમાં પોતાની સહી ઓળખી બતાવી આંક-૦૭ થી રજુ રાખેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે,તેઓને આરોપી સાથે સમાધાન થઈ ગયેલ છે. અમોને અમારો મુદ્દામાલ મોટર સાયકલ જે પોલીસે કબજે લીધેલ તે મને ના.કોર્ટના હુકમથી મળી ગયેલ છે. આમ,ફરિયાદી પોતાની ફરિયાદ હકીકતને સમર્થન કરતા ન હોવાથી વિ.એ.પી.પી. શ્રીએ તેમને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા છે અને તેમની ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓએ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલો નથી. બચાવપક્ષ તરફે ના.કોર્ટે સી.આર.પી.સી.ની કલમ-૨૯૯ તથા ૩૫૩ (૬) મુજબનો હુકમ કરેલ કરેલ હોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

(૯) હાલના કામે તપાસવામાં આવેલ સાહેદની જુબાની સિવાય અન્ય કોઈ પુરાવો વિશેષ મહત્વનો રહેતો નથી. આ ઉપરાંત **૧૯૯૬(૩)ક્રાઈમ્સ પાન નં. ૮૫ ઉપર ના.સર્વોચ્ચ અદાલતે સતીષ મહેરા વિરૂધ્ધ દિલ્હી એડમીનીસ્ટ્રેશન અને બીજાઓના ચૂકાદામાં** સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, કોઈપણ ટ્રાયલના પુરાવા દરમ્યાન કોઈપણ તબકકે જયારે અદાલત એવો અભિપ્રાય આપતી હોય કે, આ કામમાં હવે પછી વધુ સાહેદ તપાસવા તે માત્ર ઔપચારિકતા સમાન છે અને આથી વધુ સાહેદો કે તપાસ કરનાર

અમલદારને તપાસવાથી કોઈ વિશેષ પુરાવો આપવા સંભવ નથી તો તેવા સંજોગોમાં પુરાવો લેવાનું બંધ રાખી અદાલતનો કિંમતી સમય દુર્વ્યય થતો અટકાવવો જોઈએ. આમ, સર્વોચ્ચ અદાલતના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા તેનું મુખ્ય હાર્દ એવું જણાય છે કે, ચાર્જશીટમાં જણાવેલ તમામે તમામ સાહેદો અનિવાર્ય ન હોય તો તેઓને તપાસવા જરૂરી નથી. એટલું જ નહી, પરંતુ મહત્વના અને ચાવીરૂપ સાહેદો તપાસાઈ ગયા હોય અને તેઓની જુબાની ધ્યાને લેતાં અદાલતને લાગે કે, વિશેષ સાહેદો તપાસવા તે ઔપચારિકતા જ છે. અને તે હકીકતે જે ઉપર મુજબ ચર્ચા કરી છે તે જોતાં સદર કામે વિશેષ પુરાવો લેવો યોગ્ય જણાયેલ નથી.

(૧૦) પોતાનો કેસ સબળ અને વિશ્વસનીય પુરાવાઓથી નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની છે જયારે ફરિયાદપક્ષના કેસમાં સહેજ પણ શંકા ઉપસ્થિત થાય ત્યારે તેનો લાભ આરોપીને આપવો પડે. કારણ કે, ફોજદારી પ્રક્રિયાનો આરંભ આરોપી નિર્દોષ છે તેવા અનુમાન સાથે કરવામાં આવે છે. સદર કામે ફરિયાદપક્ષ તરફે રજૂ પુરાવો ધ્યાને લેતાં સદર કામના ફરિયાદી પોતાના સોગંદ પરના પુરાવામાં તેમની મોટર સાયકલની ચોરી કોણે કરેલ તથા બનાવ કેવી રીતે બનેલ તે ખબર ન હોવાનું જણાવે છે.આમ, ફરિયાદ પક્ષએ હકીકત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે કે, આ કામના આરોપીએ તા.૧/૮/૧૧ ના કલાક ૧૬:૦૦ થી ૧૭:૦૦ વાગ્યા દરમ્યાન ઓઢવ જી.આઈ.ડી.સી. પ્લોટ નં. ૫૩/૫ના ગેટ સામે પાર્ક કરેલ ફરિયાદીના હીરો હોન્ડા મોટરસાયકલ નં. જીજે.૧.ડી.કયુ.૧૮૩૭ ની કિં. રૂા.૧૫,૦૦૦/- ની મતાની ચોરી કરી ઈ.પી.કો. કલમ-૩૭૯ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે. જે સંજોગો માં આ કામના આરોપીએ આક્ષેપો મુજબનો ગુનો આચરેલ હોય એવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. જેથી આ કામના આરોપીએ આક્ષેપિત ગુનાનું તહોમત પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં. ૧નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુ ક મ ::**

આ કામના આરોપી ભવરસીંગ સ/ઓ નારસીંગ પ્રેમસીંગ રાજપુત, ઉ.વ.૧૯,રહે:-અમરનગર ચાર રસ્તા,શ્રીનાથ ડેરીમાં,રાજેન્દ્ર પાર્ક રોડ,ઓઢવ,અમદાવાદનાઓને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૪૮(૧) અન્વયે ઈ.પી. કો. કલમ-૩૭૯ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાં ક્રિ.પ્રો.કોડની કલમ- ૩૫૩(૬)ના પરં

તુકને ધ્યાને લઈ આરોપીઓ ને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ ફરમાવું છું.

મુદ્દામાલ અંગે વચગાળાનો હુકમ કાયમી રાખવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ–૧૫ મી માહે–એપ્રિલ સને–૨૦૨૫ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ:–૧૫/૦૪/૨૦૨૫
અમદાવાદ

(દિલીપકુમાર વિષ્ણુપ્રસાદ પટેલ)
૯ માં એડી.ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,
અમદાવાદ શહેર, (કોર્ટ નં.૨૦)
(કોડ નં.જીજે ૦૦૯૨૫)